# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# બોલતી દીવાલ અને ન્યાયનો ચુકાદો




સુંદરપુર નામના એક નાનકડા ગામમાં રામજીભાઈ અને શામજીભાઈ નામના બે પડોશી રહેતા હતા. બંનેના પરિવારો વર્ષોથી એકબીજાના સુખ-દુઃખમાં સાથે ઊભા રહેતા હતા. તેમના ઘરોની વચ્ચે એક જૂની માટી અને પથ્થરની દીવાલ હતી, જે ઘણા વર્ષો પહેલાં બંને પરિવારોની સહમતિથી બનાવવામાં આવી હતી. સમય જતાં દીવાલ જૂની થઈ ગઈ, પરંતુ બંને પરિવારો વચ્ચેનો પ્રેમ અતૂટ રહ્યો.

એક દિવસ ગામમાં જમીનની નવી માપણી શરૂ થઈ. માપણી દરમિયાન શામજીભાઈને લાગ્યું કે દીવાલનો થોડો ભાગ તેમની જમીનમાં આવે છે. તેમણે રામજીભાઈને કહ્યું, "આ દીવાલ મારી જમીનમાં છે, એટલે તેને ખસેડવી પડશે."

રામજીભાઈએ શાંતિથી જવાબ આપ્યો, "ભાઈ, આ દીવાલ મારા દાદાના સમયમાં ગામના વડીલોની હાજરીમાં બાંધવામાં આવી હતી. તે કોઈ એક વ્યક્તિની નહીં, પરંતુ બંને પરિવારોની સહમતિનું પ્રતીક છે."

ધીમે-ધીમે આ વાતે ઝઘડાનું સ્વરૂપ ધારણ કર્યું. બંને પક્ષ પોતાની વાતને સાચી સાબિત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ગામલોકોએ પણ ઘણું સમજાવ્યું, પરંતુ કોઈ પરિણામ આવ્યું નહીં. આખરે બંનેએ ગામના સરપંચ પાસે ન્યાય માગ્યો.

સરપંચ ખૂબ જ સમજદાર અને નિષ્પક્ષ હતા. તેમણે બંને પક્ષની વાત ધ્યાનથી સાંભળી. કોઈ પાસે લખિત પુરાવો ન હોવાથી તેમણે કહ્યું, "કાલે સવારે આપણે સ્થળ પર જઈને તપાસ કરીશું. સત્ય જે હશે તે સામે આવશે."

**સરપંચે બધાને તે લખાણ વાંચીને સંભળાવ્યું. સમગ્ર ગામમાં શાંતિ છવાઈ ગઈ. શામજીભાઈને પોતાની ભૂલનો અહેસાસ થયો. તેમણે તરત જ રામજીભાઈ પાસે જઈ હાથ જોડીને કહ્યું, "મને માફ કરજો. મેં ઉતાવળમાં અને ગેરસમજને કારણે ખોટો દાવો કર્યો. આજે સમજાયું કે સત્યને ક્યારેય દબાવી શકાતું નથી**

બીજા દિવસે આખું ગામ દીવાલ પાસે ભેગું થયું. સરપંચ દીવાલને ધ્યાનથી નિહાળી રહ્યા હતા. તે દરમિયાન અચાનક જોરદાર પવન ફૂંકાયો અને દીવાલનો એક ભાગ ધરાશાયી થયો. દીવાલની અંદરથી એક ચોરસ પથ્થર બહાર આવ્યો. પથ્થર પર વર્ષો જૂનું લખાણ સ્પષ્ટ દેખાતું હતું.

તેમાં લખેલું હતું: "આ દીવાલ ગોવિંદભાઈ રામજીભાઈના દાદાએ ગામના વડીલોની સંમતિથી બંને પરિવારોની સીમા તરીકે બાંધેલી છે. આ દીવાલ પર કોઈ એકનો અધિકાર નહીં, પરંતુ બંનેનો સમાન અધિકાર રહેશે."

સરપંચે બધાને તે લખાણ વાંચીને સંભળાવ્યું. સમગ્ર ગામમાં શાંતિ છવાઈ ગઈ. શામજીભાઈને પોતાની ભૂલનો અહેસાસ થયો. તેમણે તરત જ રામજીભાઈ પાસે જઈ હાથ જોડીને કહ્યું, "મને માફ કરજો. મેં ઉતાવળમાં અને ગેરસમજને કારણે ખોટો દાવો કર્યો. આજે સમજાયું કે સત્યને ક્યારેય દબાવી શકાતું નથી."

રામજીભાઈએ પણ મોટું મન રાખીને તેમને માફ કરી દીધા. બંનેએ એકબીજાને ભેટીને ફરીથી મિત્રતા કરી. ત્યારબાદ ગામલોકોની મદદથી તૂટેલી દીવાલ ફરીથી મજબૂત બનાવી. આ વખતે દીવાલ માત્ર ઈંટ અને માટીની નહોતી, પરંતુ વિશ્વાસ, પ્રેમ અને સત્યના પાયાથી ઊભી કરવામાં આવી હતી.

સરપંચે ગામલોકોને કહ્યું, "દીવાલ બોલતી નથી, પરંતુ તેની અંદર છુપાયેલો ઇતિહાસ અને સત્ય જરૂર બોલે છે. ખોટા દાવા થોડા સમય માટે સફળ દેખાય, પરંતુ અંતે જીત હંમેશાં સત્યની જ થાય છે."

તે દિવસ પછી સુંદરપુર ગામમાં કોઈપણ વિવાદ થાય ત્યારે લોકો આ ઘટનાને યાદ કરતા. બાળકોને પણ આ વાર્તા સંભળાવવામાં આવતી, જેથી તેઓ સત્ય, પ્રામાણિકતા અને ન્યાયનું મહત્વ સમજી શકે.

**બોધ :** સત્યને ભલે સમય લાગે, પરંતુ અંતે હંમેશાં સત્યનો જ વિજય થાય છે.

# દુનિયાનું કયું પ્રાણી 150 વર્ષ સુધી જીવી શકે છે?




પૃથ્વી પર કેટલાક એવા પ્રાણીઓ પણ છે, જેમનું આયુષ્ય આપણા કરતાં ઘણું વધુ હોય છે. સામાન્ય રીતે માણસનું સરેરાશ આયુષ્ય 70થી 80 વર્ષ માનવામાં આવે છે, જ્યારે કેટલાક જીવ સામાન્ય રીતે 100 વર્ષથી પણ વધુ જીવી શકે છે. ત્યારે સવાલ થાય છે કે એવું કયું પ્રાણી છે, જે લગભગ 150 વર્ષ સુધી જીવતું રહી શકે? ચાલો જાણીએ તેનો જવાબ અને તેની પાછળનું કારણ.

**કયું પ્રાણી 150 વર્ષ સુધી જીવી શકે?**

આ સવાલનો જવાબ છે કાચબો (Tortoise). ખાસ કરીને જમીન પર રહેતી વિશાળ કાચબાની કેટલીક પ્રજાતિઓ 100થી 150 વર્ષ અથવા તેનાથી પણ વધુ સમય સુધી જીવતી હોવાનું નોંધાયું છે. દુનિયાના અનેક વૈજ્ઞાનિક અભ્યાસોમાં કાચબાના અસાધારણ લાંબા આયુષ્યનો ઉલ્લેખ કરાયો છે.



**કાચબો આટલો લાંબો સમય કેમ જીવે છે?**

કાચબાનું મેટાબોલિઝમ ખૂબ ધીમું હોય છે. તે ઓછી ઊર્જાનો ઉપયોગ કરે છે, શાંત જીવનશૈલી અપનાવે છે અને શરીર પર ઓછો તણાવ આવે છે. આ ઉપરાંત તેના શરીર પરનું મજબૂત કવચ (Shell) તેને શિકારીઓથી સુરક્ષા આપે છે. જોખમ અનુભવાય ત્યારે કાચબો પોતાનું માથું અને પગ કવચની અંદર ખેંચી લે છે, જેના કારણે તેના જીવતા રહેવાની સંભાવના વધી જાય છે.

**શું ખાય છે કાચબો?**

મોટાભાગના જમીની કાચબા ઘાસ, પાંદડા, ફળ અને અન્ય વનસ્પતિજન્ય ખોરાક લે છે. તેમની સરળ જીવનશૈલી અને સંતુલિત આહાર પણ લાંબા આયુષ્યમાં મહત્વની ભૂમિકા ભજવે છે.

## બર્થડે



નામ : અવયુક્ત પટેલ
માતા : ઉપાસના પટેલ



નામ : નમસ્વી પટેલ
માતા : દર્શના પટેલ

## રસ્તો શોધો




## તફાવત શોધો





## ટપકાં જોડો




## શબ્દો પૂરો




# PUZZLE ZONE

ડૉ. ચંદ્રેશ જરદોશ

## SIGN GAME

Q1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | | 8 | | 4 | | 6 | = | 12 |
| 2) | 2 | | 8 | | 4 | | 6 | = | 10 |
| 3) | 2 | | 8 | | 4 | | 6 | = | 24 |

## CHANGE THE WORD

Q2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| L | A | D |
| | | |
| | | |
| C | U | P |

## CHHOTA SUDOKU

Q3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| 3 | | |
| | 2 | |
| | | 1 |

વર્તુળો: 20, 23 / 20, 18

## BROKEN WORDS

Q4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલ ચાવીની મદદથી જોડીને 7 શરીરનાં અવયવોનાં નામ બનાવો. દા.ત. NO SE = NOSE

| | | | | |
|---|---|---|---|---|
| TR | EY | OTH | ART | KI |
| ST | HE | UE | ST | IN |
| DN | AC | NG | TO | ACH |
| INE | TE | OM | TO | HEA |
| | | | | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 5 અક્ષર | 2 |
| 6 અક્ષર | 2 |
| 7 અક્ષર | 2 |
| 9 અક્ષર | 1 |

જવાબ
1. HEART
2. TOOTH
3. TONGUE
4. KIDNEY
5. TRACHEA
6. STOMACH
7. INTESTINE

## જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | + | 8 | - | 4 | + | 6 | = | 12 |
| 2) | 2 | × | 8 | ÷ | 4 | + | 6 | = | 10 |
| 3) | 2 | × | 8 | ÷ | 4 | × | 6 | = | 24 |

Q2

| | | |
|---|---|---|
| L | A | D |
| L | A | P |
| C | A | P |
| C | U | P |

Q3

| | | |
|---|---|---|
| 3 | 8 | 4 |
| 7 | 2 | 9 |
| 5 | 6 | 1 |

વર્તુળો: 20, 23 / 20, 18